
# આત્મધર્મ

માસિક : વર્ષ-૬ * અંક-૩ * નવેમ્બર, ૨૦૧૧



આહાહા! પ્રભુ તું પૂરો છો, તારા પ્રભુત્વ આદિ એક એક ગુણ પૂરણ છે. તારી શક્તિની શું વાત કરવી ? તું કોઈ ગુણે અધૂરો નથી, પૂરેપૂરો છો. તારે કોના આધારની જરૂર છે ? આહાહા ! એને આવી ધૂન ચડવી જોઈએ. પહેલાં આવા સ્વભાવનો વિશ્વાસ આવવો જોઈએ. પછી દૃષ્ટિ અને અનુભવ થાય.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ મહા મોહરૂપી અંધકારના સમૂહને જે લીલામાત્રમાં નષ્ટ કરે છે અને જગતના સ્વરૂપને પ્રકાશે છે એવું અનેકાંતમય તેજ સદા જયવંત વર્તે છે. ૧૨૩૮.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, કળશ- ૨)*

❀ દેવ-દાનવોમાં અને નરક-તિર્યંચ-મનુષ્યોમાં, જિનેશ્વરે કહેલાં ધર્મને છોડીને બીજો કોઈ પદાર્થ શુભ નથી એમ ચિંતવન કરવું જોઈએ. જગતમાં ધર્મ વિના અન્ય કાંઈ પણ શુભ નથી એમ હે મુનિ! તું જાણ. ૧૨૩૯.

*(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, અનુપ્રેક્ષા અધિકાર, ગાથા- ૩૫)*

❀ સમદર્શી હોના સમિતિ હૈ. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ હોકર સમતાભાવકો પાના સમિતિ હૈ. આત્માકો પરમાત્માકે સમાન અનુભવ કરના સમિતિ હૈ. ૧૨૪૦. *(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક- ૬૧૪)*

❀ જેમ કોઈ પુરુષ કિંચિત્‌માત્ર પણ પોતાનું ધન આપવા ઈચ્છતો નથી, પરંતુ જ્યાં ઘણું દ્રવ્ય જતું જાણે, ત્યાં ઈચ્છાપૂર્વક અલ્પ દ્રવ્ય આપવા ઉપાય કરે છે; તેમ જ્ઞાની કિંચિત્‌માત્ર કષાયરૂપ કાર્ય કરવા ઈચ્છતો નથી, પરંતુ જ્યાં ઘણા કષાયરૂપ અશુભકાર્ય થતું જાણે, ત્યાં ઈચ્છા કરીને પણ અલ્પકષાયરૂપ શુભકાર્ય કરવાનો ઉદ્યમ કરે છે. ૧૨૪૧.

*(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિકાર- ૭, પાનું- ૨૧૧)*

❀ યહ સંસારરૂપી વન દુઃખરૂપી અજગરોંસે ભરા હુઆ હૈ, યહાઁ અજ્ઞાનરૂપી અંધકાર ફૈલા હુઆ હૈ. ઈસ વનમેં દુર્ગતિરૂપી ભીલોંકી તરફ લે જાનેવાલા ખોટા માર્ગ હૈ. ઐસે વનમેં સર્વ હી સંસારી પ્રાણી ભ્રમણ કિયા કરતે હૈં. પરંતુ ચતુર મનુષ્ય ઈસી વનકે મધ્યમેં ગુરુકે વચનરૂપી દીપકકો, જો નિર્મલ જ્ઞાનકે પ્રકાશસે ચમક રહા હૈ, પાકર કે સચ્ચે માર્ગકો ઢૂંઢકર અવિનાશી આનંદમઈ પદકો પહુંચ જાતા હૈ. ૧૨૪૨.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, અનિત્ય પંચાશત, શ્લોક- ૧૭)*

❀ સ્ત્રીનો વિશ્વાસ કરવો તે વાઘનો, વિષનો, ચોરનો, અગ્નિનો, જળનો, મદોન્મત્ત હાથીનો, કાળા સર્પનો તથા શત્રુનો વિશ્વાસ કરવા બરાબર છે. ૧૨૪૩.

*(શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૯૫૧)*

વર્ષ-૬
અંક-૩




સંવત
૨૦૬૭
November
A.D. 2011

# ઉપકૃતભાવભીની શ્રદ્ધાંજલી : શ્રુતલબ્ધિવંત ગુરુજ્ઞાનને

હે પરમોપકારી પરમ પૂજ્ય ગુરુદેવ! આજે આ એકત્રીસમા સમાધિદિને આપના અપાર ઉપકાર-સ્મરણપૂર્વક દ્રવિત હૃદયે આપના ચરણોમાં કોટિ કોટિ વંદન....અગણિત વંદન.....

પ્રભો ! ભરતચક્રી જેવા તદ્‌ભવ મોક્ષગામી પુરુષોત્તમ પુરુષ પણ પ્રભુના નિર્વાણ–પ્રસંગે રડતા હતા....તો આવા કપરા કળીકાળે અમારું તો—મુમુક્ષુ સમાજનું તો—સર્વસ્વ આપ જ હતા, ભવસમુદ્રમાંથી પાર ઉતારનાર તારણહાર તો આપ જ હતા...તેથી આપની આ ઉપકારસ્મૃતિ પ્રસંગે આપનો વિરહ તો સદાય વસમો લાગે જ; પરંતુ આપના અગણિત-અપાર ગુણ-મહિમા અને ઉપકારોના સ્મરણ વડે તે વિરહનું સમાધાન પામીને આપે પ્રરૂપેલાં માર્ગે ઉગ્ર પુરુષાર્થ વડે આગળ વધવાની પ્રેરણા પામીએ એવી ભાવના.

હે પ્રભો ! આવા દુષમ પંચમકાળે મહા સમર્થ ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય પાક્યા કે જેમણે સાક્ષાત્ સીમંધરપ્રભુની વાણી ઝીલીને, શ્રી પ્રવચનસાર, શ્રી સમયસાર આદિ પરમાગમોમાં ગૂંથીને, પંચમકાળમાં મનુષ્યભવ ધારણ કરનારા ભવ્ય જીવોને આત્માનુભૂતિનો માર્ગ પ્રકાશીને અનંત ઉપકાર કર્યો. મહા સમર્થ આચાર્યદેવ શ્રી અમૃતચંદ્રાચાર્યે તે જિનવાણી—શ્રી પ્રવચનસાર, શ્રી સમયસાર આદિ પરમાગમો ઉપર ટીકા રચીને, ઉત્તરોત્તર અલ્પબુદ્ધિધારક જીવોને શ્રી કુંદકુંદદેવના હાર્દને સરળ રીતે સમજાવીને અનંત ઉપકાર કર્યો. કાળદોષે ઉત્તરોત્તર જીવોની બુદ્ધિ ક્ષીણતા પામતી હતી તેવા કાળે ભગવાન શ્રી સીમંધરસ્વામીની સભાના રાજકુમારે—આપશ્રીએ વિદેહક્ષેત્રથી

ગુરુકહાનરૂપે અત્રે પધારીને, ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ અને શ્રી અમૃતચંદ્રાચાર્યે પ્રરૂપેલ સ્વાનુભૂતિના માર્ગને, અમ અલ્પબુદ્ધિવંત જીવોને અત્યંત સરળતાપૂર્વક સમજાવીને સ્વાનુભૂતિના માર્ગે ચાલવાના કોડ જગાડી આપે જે ઉપકાર કર્યો છે એનું વર્ણન ક્યા શબ્દોમાં થઈ શકે ?

પ્રભો ! વર્ષો સુધી નિરંતર શ્રવણ કરેલાં આપના અધ્યાત્મ—ઉપદેશનું સ્મરણ કરતાં જ આપની મહાનતા પ્રત્યે અમારું શિર ઝૂકી જાય છે. પ્રભો ! જે રીતે સર્વોત્કૃષ્ટ ગંભીર અરિહંત ભગવાનની દિવ્યધ્વનિમાં માત્ર ૐ રૂપે વાણી છૂટતાં મોટા મોટા સમર્થ આચાર્યો તો અધ્યાત્મના હાર્દને પામી જાય પણ દેડકું ને ચકલું ને સસલું પણ એ દિવ્યધ્વનિના હાર્દને પામીને આત્મકલ્યાણ પામી જાય. એવી રીતે તીર્થંકરની સભામાં સાક્ષાત્ શ્રવણ કરીને અત્રે પધારેલાં અને ભવિષ્યમાં એ દિવ્યધ્વનિની વર્ષા કરનાર હે સાતિશય પુણ્યવંતા ગુરુદેવ! આપની વાણી પણ એવી અદ્‌ભુત ને ચમત્કારિક હતી કે મોટા મોટા વિદ્વાનો તો સ્વાનુભૂતિના માર્ગને સમજી જતાં પણ ચાર ચોપડી ભણેલાં—અરે! તદ્દન અભણ એવા સરળચિત્ત ઊંડા જિજ્ઞાસુ પાત્ર જીવો પણ—આપના અધ્યાત્મ—ઉપદેશનો તાગ પામી જતાં એ બધો આપની સાતિશય વાણીનો પરમ પ્રભાવ છે.

પ્રભો ! આપના અધ્યાત્મ—ઉપદેશનાં શ્રવણનું સૌભાગ્ય-પ્રાપ્ત ભવ્ય જીવોને, એકાંતે દ્રવ્યને માનતા ને પર્યાયને નહિ માનતાં; એકાંતે પર્યાયને માનતા ને દ્રવ્યને નહિ માનતા; નિશ્ચય તો જાણે મુનિઓ માટે હોય ગૃહસ્થને તો વ્યવહાર વડે જ ધર્મસાધના થાય; ભગવાનની ભક્તિમાત્રથી ધર્મ કર્યાનો સંતોષ માનતા—ઈત્યાદિ મતાગ્રહ તો ક્યાંય અદ્રશ્ય થઈ ગયા પણ સાથોસાથ છ દ્રવ્ય, નવ તત્ત્વો અને જીવનાં સ્વરૂપના યથાર્થ જ્ઞાન સહિત, પર્યાયમાત્રની અત્યંત ગૌણતાપૂર્વક દ્રવ્યની દ્રષ્ટિનો સમ્યક્ એકાંતમાર્ગ આપના પ્રતાપે સર્વ મુમુક્ષુઓ પામ્યા તે બધો આપની વાણીનો પરમ પ્રભાવ છે.

હે પ્રભો ! જે રીતે આપ મહા ગંભીર હોવા છતાં આપનું હૃદય અત્યંત નિખાલસ અને અત્યંત સરળ હતું એ રીતે આપના જ્ઞાનને અનુસરીને વહેલી ઉપદેશધારા પણ અત્યંત ગંભીર અધ્યાત્મમાર્ગને પ્રકાશનારી હોવા છતાં આપના હૃદયના જે જે ઊંડા ભાવો હતા તે તે ભાવો વાણીમાં એટલા સરળતાપૂર્વક વહેતાં કે સાચી જિજ્ઞાસાવૃત્તિ ને સરળચિત્તે તે વાણીનું શ્રવણ કરનાર શાસ્ત્રનો અણ-અભ્યાસી પણ એ વાણીને સાંભળીને સમ્યક્ એકાંત એવા દ્રષ્ટિપ્રધાન માર્ગને સરળપણે ગ્રહણ કરી લેતા.

હે ધર્મપિતા ! આપના અધ્યાત્મ—ઉપદેશના પ્રભાવનું ક્યાં શબ્દોમાં વર્ણન

કરીએ? વર્ષો સુધી જિન—આગમોનું પઠન-પાઠન કરનારા વયોવૃદ્ધ વિદ્વાનો પણ પરમાગમોના શબ્દાર્થથી આગળ વધીને જેના ઊંડાણ સુધી નહોતા પહોંચી શકતા એવા આચાર્યદેવના ગહન કથનોના શબ્દાર્થની પેલે પાર છૂપાયેલા ભાવાર્થ સુધી આજે આપના ભક્તો પહોંચી શક્યા છે એ આપના ઉપદેશનો જ પ્રભાવ છે.

પુણ્યવંતા પુરુષોને કુદરત પણ સાથ દેતી હોય છે તે સર્વવિદિત વાત છે. પ્રભો! આ કાળે વિજ્ઞાને ટેપ-રેકોર્ડરનું સંશોધન કરીને, આપની અધ્યાત્મ—ઉપદેશગંગાને ટેઈપમાં સમાવી લેવામાં કુદરતે સાથ આપ્યો. આપના ૯૨૦૦ સીડી-પ્રવચનો વર્તમાન ભવ્ય જીવોને પરમાગમોના હાર્દ સુધી પહોંચવામાં તો સહાયક બન્યા જ છે પરંતુ ભાવી પેઢીના જિજ્ઞાસુઓને માટે પણ તે પરમ ઉપકારી બનશે. આપના સાક્ષાત્ દર્શન નહીં પામનાર જિજ્ઞાસુ જીવોને પણ વસ્તુસ્વરૂપના યથાર્થ જ્ઞાન સહિત પર્યાયમાત્રની ગૌણતાપૂર્વકના દ્રવ્યદૃષ્ટિના માર્ગને વૈરાગ્યભીના હૃદયે પામવામાં આપની અદ્‌ભુત, સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક ટેપ-વાણી પરમ ઉપકારક નીવડશે—એ પણ આપના સાતિશય પ્રભાવના ઉદયને જ પ્રસિદ્ધ કરે છે.

પ્રભો! આપનું હૃદય મહા-ગંભીર! અને એવા મહાગંભીર હૃદયમાંથી વહેલું તત્ત્વજ્ઞાન તો અત્યંત ગંભીર હતું તોપણ આપની દિવ્યવાણી એવી ચમત્કારિક હતી કે સાંભળનાર જીવો અનેક ભ્રમણાઓથી અત્યંત સાવધાનપણે વસ્તુસ્વરૂપની યથાર્થ સમજપૂર્વક દૃષ્ટિપ્રધાન મૂળ માર્ગને સમજી શક્યા. પ્રભો! એ બધો આપની મહાગંભીર દિવ્ય-વાણીનો જ પ્રભાવ છે. ખરેખર, પૂજ્ય ભગવતી માતા કહે છે કે આપને શ્રુતની લબ્ધિ હતી તે વાત અનુભવગમ્ય છે કેમ કે જેમ દિવ્યધ્વનિના ઓમનાદને દેડકું—ચકલું—સસલું સમજી લે, નિર્ગ્રંથ મુનિરાજની ભાષાને સિંહ (—મહાવીર ભગવાનનો જીવ) સમજી લે, તેમ આપના દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશને આબાળ—ગોપાળ, વિદ્વાન—અભણ સૌ કોઈ સમજી જતાં એ આપની શ્રુતની લબ્ધિનો જ સાતિશય ચમત્કાર છે.

હે પ્રભો! આજના આ એકત્રીસમા સમાધિદિને મિથ્યા એકાંતિક મતાગ્રહોનો સહજમાત્રમાં વિધ્વંશ કરનારા વૈરાગ્ય-પ્રેરક સમ્યક્ એકાંતમયી દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મ-ઉપદેશના દૃઢ અનુસરણપૂર્વક આપના અસીમ ઉપકારોના સ્મરણ વડે આપના ચરણોમાં ઉપકૃત ભાવભીની શ્રદ્ધાંજલિ.

—સંપાદકના કોટિ કોટિ વંદન

## એકત્રીસમાં સાંવત્સરિક સમાધિદિનના ઉપલક્ષ્યમાં

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

✽ ઉત્પાદ-વ્યય વિનાકા ધ્રુવ આત્મા, ઓ હી વાસ્તવિક આત્મા હૈ. એક સમયકા ધ્રુવ ઓ હી સચ્ચા આત્મા હૈ, વાસ્તવિક આત્મા હૈ. એક સમયકી શુદ્ધપર્યાય ઓ વાસ્તવિક આત્મા નહીં એટલે અવાસ્તવિક હુવા. અવાસ્તવિક ઓ હી પરદ્રવ્ય હુઆ, ઈસસે પરભાવ કહા, હેય કહા. ૧.

✽ આજ આકિંચન ધર્મકા દિન હૈ ને! શરીર, ખાના-પીના, રાગ આદિ તો મેરા નહીં, લેકિન ઉત્પાદ-વ્યય પર્યાય ભી મેરી નહીં, ધ્રુવસ્વરૂપ હી મેરા હૈ. નિશ્ચય-મોક્ષમાર્ગ પર્યાય અંશ હોનેસે–વ્યવહાર હોનેસે પરદ્રવ્ય હૈ, પરભાવ હૈ, હેય હૈ. ગજબ બાત હૈ! ગજબ બાત હૈ!! પ્રભુ! તેરી લીલા કૈસી હૈ તેરે ખબર નહીં હૈ! ૨.

✽ શરીર, રાગ તો આત્મા નહીં પણ એક સમયની શુદ્ધ પર્યાય–ક્ષાયિક પર્યાય પણ આત્મા નહિ; ખરેખર આત્મા તો ત્રિકાળી ધ્રુવસ્વભાવ પરમપારિણામિક ભાવ જ આત્મા છે. સંવર-નિર્જરા-મોક્ષ પર્યાય પણ આત્મા નહિ, ઉપાદેય નહિ; ઉપાદેય તો કારણપરમાત્મા જ છે. ૩.

✽ પરદ્રવ્યને અને આત્માને અત્યંત અભાવ છે એ તો વ્યવહારની નીતિના વચનથી આવે છે, પરંતુ અધ્યાત્મદ્રષ્ટિથી તો વિકારને અને આત્માને અત્યંત અભાવ છે. ચૈતન્યગોળો વિકારથી ભિન્ન એકલો છૂટો જ પડ્યો છે એને દેખ! જેમ તેલ પાણીના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે તેમ વિકાર ચૈતન્યદળમાં પ્રવેશતો નથી. ૪.

✽ જેને પર્યાયની હયાતીનો જ સ્વીકાર છે એને ત્રિકાળી સ્વભાવની હયાતીનો અસ્વીકાર થઈ જાય છે. અનાદિથી પર્યાયને જ સત્‌રૂપે-હયાતીરૂપે દેખી હતી એને ભૂલી જા! ને ત્રિકાળી સ્વભાવને ભૂલી ગયો હતો તેને જો! સ્મરણ કર! પર્યાયની રુચિમાં, આખો જ્ઞાયકભાવ છે એ દ્રષ્ટિમાં આવતો નથી. જ્ઞાયકભાવની રુચિ થતાં જ્ઞાનમાં સંવર-નિર્જરા-મોક્ષ પર્યાયનું જ્ઞાન યથાર્થ થાય છે, પણ એ પર્યાયની દ્રષ્ટિ હોતી નથી. ૫.

✽ પરમાણુમાં રંગગુણ ત્રિકાળી છે. તેની પર્યાય પહેલાં સમયે કાળી હોય તે

બદલીને બીજા સમયે લાલ, સફેદ, પીળી થઈ જાય તેનું કારણ કોણ? જો રંગગુણ કારણ હોય તો રંગગુણ તો કાયમ છે છતાં પરિણમનમાં આમ વિચિત્રતા કેમ? ખરેખર તો તે સમયની પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમી છે. તેમ દરેક દ્રવ્યની પર્યાય તે તે કાળે સ્વતંત્ર પરિણમે છે. આહાહા! પર્યાયની સ્વતંત્રતાની વાતો બહુ સૂક્ષ્મ છે. ૬.

❁ ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઊડી જાય એવો અજ્ઞાનીને ડર લાગે છે. પણ ખરેખર તો ક્રમબદ્ધ માને તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. એમાં જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ માનતાં ફેરફારની દૃષ્ટિ છૂટી જાય ને સામાન્ય દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય એ જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ નક્કી કરવા જાય ત્યાં હું પરનું કરી દઉં, વ્યવહારથી નિશ્ચય થાય એ બધું ઊડી જાય ને અંદર ઠરી જવાનો રસ્તો થાય. ૭.

❁ શ્રોતા : ક્રમબદ્ધમાં ક્રમબદ્ધની વિશેષતા છે કે દ્રવ્યની?

પૂજ્ય ગુરુદેવશ્રી : ક્રમબદ્ધમાં જ્ઞાયકદ્રવ્યની વિશેષતા છે. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરીને જ્ઞાયકપણું બતાવવું છે. ૮.

❁ ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાન્ત એ તો સર્વ આગમના મંથનનો સાર છે. આ વાત અહીંથી (પૂજ્ય ગુરુદેવ દ્વારા) બહાર આવી છે. એ પહેલાં આ વાત હિંદુસ્તાનમાં ક્યાંય ન હતી. ક્રમબદ્ધ એ પરમ સત્ય છે. જે કાળે જે થવાનું તે જ થશે. તેને ઇન્દ્ર નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરે છે. આના સંસ્કાર પાડ્યા હશે તે સ્વર્ગમાં જશે ને ત્યાંથી સમકિત પામશે. ૯.

❁ દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે. દરેક જીવ કે જડની પર્યાયનો જે જન્મક્ષણ છે તે જ સમયે તે પર્યાય ક્રમબદ્ધ થાય છે, તેને ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. આહાહા! જીવ એકલો જ્ઞાતા છે. અહીં અકર્તાપણાની ઉત્કૃષ્ટતા બતાવે છે કે ઈશ્વર જગતનો કર્તા છે એ વાત તો જૂઠી છે જ અને એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે એ પણ જુઠું છે અને તે તે દ્રવ્ય તેની પોતાની પર્યાયને કે જે તેના જન્મક્ષણે–સ્વકાળે ક્રમબદ્ધ થવાની છે તેને આડી-અવળી કે આઘી-પાછી કરી શકે એમ પણ નથી. જે સમયે જે પર્યાય ક્રમબદ્ધ થવાની છે તેને અન્ય નિમિત્તની અપેક્ષા તો નથી જ પણ એના દ્રવ્યની પણ અપેક્ષા નથી. આવી વસ્તુની સ્થિતિ છે. ૧૦.

❁ ખરેખર એક વસ્તુ બીજી વસ્તુની નથી તેથી બન્નેના પ્રદેશ ભિન્ન છે. આત્મવસ્તુથી શરીરાદિ પરદ્રવ્યો તો ભિન્ન છે જ પણ અહીં તો મિથ્યાત્વ-રાગ-દ્વેષના

જે પરિણામ છે તે નિર્મળાનંદ પ્રભુ એવા આત્માથી ભિન્ન સ્વરૂપે છે. તેથી પુણ્ય-પાપભાવ તે આત્માથી ભાવે ભિન્ન છે, ભાવે ભિન્ન હોવાથી તેના પ્રદેશ પણ ભિન્ન છે. અસંખ્ય પ્રદેશી આત્મા છે તેનાથી આસ્રવના પ્રદેશ ભિન્ન છે, એ છે તો જીવના અસંખ્ય પ્રદેશણાં જ, પણ નિર્મળાનંદ પ્રભુ અસંખ્યપ્રદેશી ધ્રુવ છે તેનાથી આસ્રવભાવના પ્રદેશ ભિન્ન છે. આત્મા અને આસ્રવની ભાવે ભિન્નતા છે તેથી તેના પ્રદેશને ભિન્ન કહ્યા છે અને આત્માના આશ્રયે પ્રગટેલી નિર્મળ પર્યાય છે તેને પણ આસ્રવવસ્તુથી ભિન્ન કહી છે. ભાવે ભિન્ન હોવાથી તેના પ્રદેશને પણ ભિન્ન કહીને વસ્તુ જ ભિન્ન છે તેમ સમયસારની ગાથા ૧૮૧-૧૮૩મા કહ્યું છે. ૧૧.

❁ એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એ મૂળ સિદ્ધાંતમાંથી કેટલું સિદ્ધ થાય છે!! આમાં બાર અંગનું સ્પષ્ટીકરણ નીકળે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એનો અર્થ એ થયો કે એની પર્યાય પોતાથી થાય છે અને તે ક્રમબદ્ધ થાય છે. એક સિદ્ધાંત બરાબર પકડે તો બધું આવી જાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એટલે પગ જમીન ઉપર પડે છે એ પગ જમીનને અડતો નથી. જો જમીનને અડે તો બે દ્રવ્ય એક થઈ જાય. આ તો મિથ્યાત્વને તોડવાની ચાવી છે. દરેક દ્રવ્ય પોતાના નિશ્ચયમાં જ પ્રાપ્ત છે. આત્મા શરીરને અડતો નથી. કર્મથી આત્મા દુઃખી થાય એ વાત ખોટી છે. કર્મને આત્મા અડતો નથી તો એનાથી દુઃખી કેમ થાય? પદાર્થ જુદે જુદા છે તે એક બીજાને કરે શું? પણ આટલી સમજવાની ગરજ કોને પડી છે? દવાના રજકણ રોગને અડ્યા નથી. પાણી ગરમ થાય તે અગ્નિથી તો નહિ જ પણ એના ધ્રુવ દ્રવ્યથી પણ નહિ. એ પાણીની ઉષ્ણ પર્યાય એના કાળે ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે. નરકના સંયોગોનું જીવને દુઃખ નથી, સંયોગ જીવને અડતાં નથી પણ પોતાના દ્વેષથી દુઃખી થાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ—એમાં તો ત્રણ લોકના નાથ તીર્થંકર અને તેમની વાણી પણ તારા ઉત્પાદનું કારણ નહીં એમ આવ્યું. જગતને પાગલ લાગે તેવું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એમાં તો બાર અંગના તાળા ખોલી નાખ્યા છે!! ૧૨.

❁ હું સ્વભાવથી જ જ્ઞાયક હોવાથી વિશ્વની સાથે મારે કેવળ જ્ઞેય–જ્ઞાયક સંબંધ છે, પરંતુ કર્તા-કર્મ, સ્વ–સ્વામી આદિ સંબંધો જ નથી. કર્મ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. શરીરની રોગ-નિરોગ ગમે તેવી અવસ્થા થાય તે મને ઠીક-અઠીક નથી પણ તે જ્ઞેયરૂપ છે અને હું જ્ઞાયક છું. અરે! વિકાર થાય તે પણ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું.

ત્રણ લોકના નાથ વિનય કરવાયોગ્ય છે અને હું વિનય કરનાર છું એમ નથી. ત્રણ લોકના નાથ પણ વિશ્વમાં–જ્ઞેયમાં આવે છે ને હું જ્ઞાયક છું. આખું વિશ્વ તે જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. એ સિવાય વિશ્વ તે મારું સ્વ ને હું તેનો સ્વામી એવો સ્વ-સ્વામી સંબંધ નથી. હું કર્તા ને તે મારા કર્મ એવો કર્તા-કર્મ સંબંધ પણ વિશ્વની સાથે નથી. મારે વિશ્વની સાથે કેવળ એક જ્ઞેય-જ્ઞાયક સંબંધ જ છે અને તે પણ વ્યવહાર છે. પરમાર્થે તો હું જ્ઞાતા-જ્ઞાન ને જ્ઞેય છું તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી. ૧૩.

❁ દરેક પર્યાય સત્ છે, સ્વતંત્ર છે, એને પરની અપેક્ષા નથી. રાગનો કર્તા તો આત્મા નહિ પણ રાગનું જ્ઞાન કહેવું એ વ્યવહાર છે અને જ્ઞાન-પરિણામને આત્મા કરે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો તે સમયની જ્ઞાનપર્યાય ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે. ૧૪.

❁ શ્રોતા : ત્રિકાળી નિષ્ક્રિય ચૈતન્ય તે જ પરમાર્થજીવ છે. બંધ-મોક્ષપર્યાયને કરે તે તો વ્યવહારજીવ છે. તો કેટલા પ્રકારના જીવ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : બે પ્રકારના જીવ છે, એક પરમાર્થજીવ છે ને બીજો વ્યવહારજીવ છે. પરમાર્થજીવ તો ત્રિકાળી નિષ્ક્રિય મોક્ષસ્વરૂપ જ છે અને બંધ-મોક્ષરૂપે પર્યાય પરિણમે તે વ્યવહારજીવ છે. ૧૫.

❁ શ્રોતા : પર્યાયને દ્રવ્યથી કથંચિત્ ભિન્ન કહી છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી : આખા દ્રવ્યને પ્રમાણજ્ઞાનથી જોતાં પર્યાય કથંચિત્ ભિન્ન છે ને કથંચિત્ અભિન્ન છે–એમ કહેવાય, પણ શુદ્ધનયના વિષયભૂત ત્રિકાળી ધ્રુવની અપેક્ષાથી જોતાં ખરેખર દ્રવ્યથી પર્યાય ભિન્ન જ છે. પર્યાયાર્થિકનયથી જોતાં પર્યાય દ્રવ્યથી અભિન્ન છે. પ્રયોજનની સિદ્ધિ માટે તો પર્યાયને ગૌણ કરી, અવિદ્યમાન જ ગણી, ત્રિકાળી ધ્રુવસ્વભાવને મુખ્ય કરી ભૂતાર્થનો આશ્રય કરાવ્યો છે. ૧૬.

❁ જીવ પ્રમાણજ્ઞાનના લોભથી નિશ્ચયમાં આવી શકતો નથી—ત્યાં એમ કહેવું છે કે અજ્ઞાની પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન કરવા જાય છે ત્યાં અનાદિના અભ્યાસથી પર્યાયમાં અહંપણાનું જોર રહેવાથી દ્રવ્યનું જ્ઞાન સાચું થતું નથી. અજ્ઞાનીને એમ થાય છે કે પર્યાય છે ને! પર્યાય છે તો ખરી ને! એમ પર્યાય ઉપર જોર આપવાથી દ્રવ્ય ઉપર જોર આપી શકતો નથી અને તેથી અંદરમાં ઢળી શકતો નથી. પર્યાય નહિ માનું

તો એકાન્ત થઈ જશે એવો ભય રહે છે. આ રીતે પ્રમાણજ્ઞાનના લોભથી પર્યાયને ગૌણ કરી દ્રવ્યસન્મુખ ઢળી શકતો નથી. ૧૭.

✽ શ્રોતા : પર્યાય પર્યાયથી પોતાથી સ્વતંત્ર થાય છે તો દ્રવ્યને કારણ કેમ કહેવાય છે?

પૂજ્ય ગુરુદેવ : પર્યાય પર્યાયથી સ્વતંત્ર જ થાય છે પણ પર્યાય દ્રવ્યનું લક્ષ કરે છે તેથી દ્રવ્યને કારણ કહેવાય છે. કારણપરમાત્માથી કાર્યપરમાત્મા થાય છે, ત્યાં પર્યાય દ્રવ્ય ઉપર લક્ષ કરે છે તેથી દ્રવ્યને કારણ–નિમિત્ત કહેવાય છે. દ્રવ્યનું લક્ષ કરે છે તેથી દ્રવ્યનો આશ્રય પણ કહેવાય. કારણવસ્તુ તો ત્રિકાળ છે પણ એને કારણ ક્યારે કહેવાય?—કે જ્યારે પર્યાય દ્રવ્યનું લક્ષ કરે ત્યારે ત્રિકાળી દ્રવ્યને કારણ કહેવાય છે. આવી વસ્તુસ્થિતિ છે તેને સમજતાં ખોટું પાણી ઉતરી જાય ને સાચું પાણી ચડી જાય એવી વાત છે. ખરેખર તો દ્રવ્ય પર્યાયને કરતું નથી, પર્યાય પર્યાયથી થાય છે, પણ એ વાત જગતને આકરી પડે તેવી સૂક્ષ્મ છે. પર્યાય પર્યાયથી થાય છે—એ જાણવાનું તાત્પર્ય દ્રવ્યસ્વભાવ ઉપર લક્ષ ને દૃષ્ટિ કરવી તે છે. બધાનો સાર તો પર્યાયને અંતરમાં વાળવી તે છે. સર્વ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. એ વીતરાગતા દ્રવ્યના આશ્રયે પ્રગટે છે. ૧૮.

✽ માટીમય ઘડાને ઘીનો ઘડો કહેવો તે વ્યવહારકથન છે એટલે તે વ્યવહાર જૂઠો છે. કેમ કે ઘડો ઘીમય નથી પણ માટીમય છે. તેમ દ્રવ્ય તે નિશ્ચય અને પર્યાય તે વ્યવહાર અને એ વ્યવહાર ઘીના ઘડાના વ્યવહારની જેમ જૂઠો છે તેમ નથી. કેમ કે ઘડો ઘીમય નથી તેમ પર્યાય છે જ નહિ તેમ નથી. પર્યાય અસ્તિરૂપ છે, પર્યાયને વ્યવહાર કહી પણ તે નથી તેમ નથી. રાગ છે તે અસદ્ભૂત વ્યવહારનયનો વિષય છે અને નિર્મળ પર્યાય છે તે સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. એ પર્યાયોને અભૂતાર્થ કહી છે તેથી તે પર્યાયો છે જ નહિ—ઘીના ઘડાની જેમ જૂઠી છે તેમ નથી. ક્ષાયિક આદિ ચાર ભાવોને પરદ્રવ્ય અને પરભાવ કહ્યા છે એથી એ પર્યાયો છે જ નહીં ને જૂઠી છે તેમ નથી. ઘડો કુંભારે કર્યો તેમ કહેવું તે જૂઠું છે, તેમ શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને વ્યવહાર કહ્યો તેથી તે પર્યાયો જૂઠી છે તેમ નથી. જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ આદિ પર્યાયો તે પર્યાયનયનો વિષય છે તે વ્યવહારનયે ભૂતાર્થ છે, પર્યાય નથી તેમ નથી. જેમ ઘીનો ઘડો નથી તેમ વ્યવહારનયનો વિષય—પર્યાય નથી જ તેમ નથી.

દ્રવ્યાર્થિકનયથી પર્યાયને અભૂતાર્થ કહી તેથી પર્યાય છે જ નહિ તેમ નથી પણ નિશ્ચયની મુખ્યતાથી પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને ત્યાંથી દૃષ્ટિ છોડાવવાના પ્રયોજનથી તેમ કહ્યું છે, પણ તેથી પર્યાય સર્વથા છે જ નહિ તેમ નથી. ઘીનો ઘડો કહેવું તે જૂઠું છે તેમ બધોય વ્યવહાર ઘીના ઘડાની જેમ સર્વથા જૂઠો જ છે તેમ નથી. નયોના કથનને જ્યાં જેમ હોય ત્યાં તેમ સમજવું જોઈએ. જો બરાબર ન સમજે તો વિપરીતતા થઈ જાય. ૧૯.

❁ શ્રોતા : રાગાદિકનું ને જ્ઞાનનું ઉપજવું એક જ ક્ષેત્રમાં ને એક જ સમયે થતું હોવાથી તે બન્નેની ભિન્નતા કેવી રીતે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : જે સમયે અને જે ક્ષેત્રે રાગાદિકનું ઉપજવું થાય છે તે જ સમયે અને તે જ ક્ષેત્રે જ્ઞાનનું ઉપજવું થતું હોવાથી અજ્ઞાનીને ભ્રમથી તે બન્ને એક હોય તેમ લાગે છે પણ તે બન્નેના સ્વભાવો જુદા જુદા છે, એક નથી. બંધનું લક્ષણ રાગાદિ છે અને ચૈતન્યનું લક્ષણ જાણવું છે—એમ બન્નેના લક્ષણો ભિન્ન છે. રાગાદિકનું ચૈતન્યની સાથે એક જ સમયે ને એક જ ક્ષેત્રે ઉપજવું થાય છે તે ચૈત્ય-ચૈતક–જ્ઞેય-જ્ઞાયકભાવની અતિ નિકટતાથી થાય છે પણ એક દ્રવ્યપણાના લીધે નથી થતું. જેમ પ્રકાશવામાં આવતાં ઘટપટાદિ પદાર્થો દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે, ઘટપટાદિને નહિ. તેમ જાણવામાં આવતાં રાગાદિક ભાવો આત્માના જ્ઞાયકપણાને જ પ્રસિદ્ધ કરે છે, રાગાદિકને નહીં. કેમકે દીવાનો પ્રકાશ દીપકથી તન્મય છે તેથી પ્રકાશ દીપકની પ્રસિદ્ધિ કરે છે, તેમ જ્ઞાન આત્માથી તન્મય હોવાથી જ્ઞાન આત્માને પ્રકાશે છે–પ્રસિદ્ધ કરે છે, રાગાદિકને નહિ. કામ–ક્રોધાદિ કષાયભાવો જ્ઞાનમાં જણાય છે તે ખરેખર રાગાદિને પ્રકાશતા નથી કેમકે રાગાદિ જ્ઞાનમાં તન્મય થયા નથી પણ રાગાદિ સંબંધીનું જ્ઞાન પોતાના જ્ઞાનને પ્રકાશે છે. ચૈતન્ય સ્વયં પ્રકાશકસ્વભાવી હોવાથી પર સંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે, પરને પ્રકાશતો નથી. પહેલાં કહ્યું કે આત્મા પરને પ્રકાશે છે, તે વ્યવહારથી વાત કરી પણ ખરેખર તો પર સંબંધીના પોતાના જ્ઞાનને જ પ્રકાશે છે. આ બધી જગતની ચીજો છે તે જ્ઞાનપ્રકાશમાં આવતી નથી અને જ્ઞાનપ્રકાશ જગતની ચીજોમાં જતો નથી. જગતની ચીજો છે તે સંબંધીની પોતાની પરપ્રકાશકતા જ્ઞાનપ્રકાશને જ પ્રકાશે છે. આથી સિદ્ધ થયું કે બંધસ્વરૂપ રાગાદિના અને પ્રકાશસ્વરૂપ જ્ઞાનના લક્ષણો જુદા હોવાથી તેમને એકપણું નથી. તે બંનેના સ્વલક્ષણો જુદા જુદા જાણીને ભગવતી પ્રજ્ઞાછીણીને તે બંનેની અંતરંગ સાંધમાં પટકવાથી એટલે

કે જ્ઞાનને આત્માની સન્મુખ વાળવાથી રાગથી ભિન્ન ચૈતન્યના અતીન્દ્રિય આનંદને અનુભવાય છે. ૨૦.

✽ પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વત્ય એવું વ્યાપ્યલક્ષણવાળું પુદ્ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ કર્મ એટલે કે ભક્તિ, પૂજા, દયા, દાન આદિના શુભ પરિણામો તેની આદિ-મધ્ય-અંતમાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને પરિણમે છે, ગ્રહણ કરે છે ને ઊપજે છે. આહાહા! રાગાદિ પરિણામમાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને રાગરૂપે પરિણમે છે, રાગને ગ્રહણ કરે છે, રાગરૂપે ઊપજે છે. જીવ એ રાગની આદિ-મધ્ય-અંતમાં વ્યાપક થઈને પરિણમતો નથી, ગ્રહણ કરતો નથી કે રાગરૂપે ઉપજતો નથી. કેમ કે જીવ તો એકલો જ્ઞાયકભાવ સ્વરૂપ છે, એ જ્ઞાયકભાવ દયા-દાન-ભક્તિ આદિ રાગરૂપ એવા પુદ્ગલકર્મને કેમ કરે? ભક્તિ-વિનય-વૈયાવ્રત આદિના ભાવની આદિ-મધ્ય-અંતમાં પુદ્ગલદ્રવ્ય વ્યાપક થઈને રાગને કરે છે. આહાહા! ત્રણ લોકનો નાથ ચૈતન્યસ્વભાવ એ રાગાદિ પરિણામને કરતો નથી. જ્ઞાયક પ્રભુ એ રાગાદિ પરિણામમાં વ્યાપતો નથી. ચારિત્રમોહની નબળાઈથી પણ જીવ રાગાદિભાવને કરતો નથી—એમ અહીં એકલા દ્રવ્યસ્વભાવને સિદ્ધ કરવો છે. અરે પ્રભુ! ક્યાં તારી મહાનતા ને ક્યાં વિભાવની તુચ્છતા? તુચ્છ એવા વિભાવભાવ તારાથી કેમ થાય? તું તો જાણનસ્વભાવી છો. તારાથી વિકાર કેમ થાય? આહાહા! સમયસારના દ્રવ્યદ્રષ્ટિના કથનો અલૌકિક છે. ૨૧.

✽ સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું એટલે એકલો વીતરાગી જ્ઞાતાભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ! જ્ઞાનમાં જ્ઞાતાદૃષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે; જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે. ૨૨.

✽ શ્રોતા : આત્માને ઓળખ્યો ન હોય ને શુભરાગને ઝેર કહેવાથી સ્વચ્છંદી ન થઈ જાય?

પૂજ્ય ગુરુદેવશ્રી : અજ્ઞાની સ્વચ્છંદી જ છે. મિથ્યાત્વ છે તે જ મોટું પાપ ને સ્વચ્છંદ છે. શુભરાગને ઝેર કહીને શુભરાગની રુચિ છોડાવવી છે. શુભરાગ પહેલાં

છૂટતો નથી, શુભની રુચિ પહેલાં છૂટે છે. શુભરાગને ઝેર કહીને તેની રુચિ છોડાવવી છે. ૨૩.

❁ શ્રોતા : આત્માના સંસ્કારોને દૃઢ કરવા શું કરવું?

પૂજ્ય ગુરુદેવશ્રી : વસ્તુસ્વરૂપનો નિર્ણય દૃઢ કરવો. શુદ્ધ છું, એક છું, જ્ઞાયક છું, એનો ચારે પડખાથી વારંવાર નિર્ણય પાકો કરીને દૃઢ કરવો. ૨૪.

❁ દરેક પદાર્થની ભૂતકાળની પર્યાયો અને ભવિષ્યકાળની પર્યાયો વર્તમાનમાં અવિદ્યમાન–અપ્રગટ હોવા છતાં સર્વજ્ઞભગવાન વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે. અનંતકાળ પહેલાં થઈ ગયેલી ભૂતકાળની પર્યાયો અને અનંતકાળ પછી થનારી ભવિષ્યની પર્યાયો અવિદ્યમાન હોવા છતાં કેવળજ્ઞાન વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે.

આહાહા! જે પર્યાયો થઈને ગઈ છે અને જે થઈ નથી એવી ભૂત-ભવિષ્યની પર્યાયોને દ્રવ્યમાં યોગ્યતારૂપ જાણે છે એમ નહિ પણ તે પર્યાયો વર્તમાનવત્ પ્રત્યક્ષ હોય તેમ જાણે છે. એ સર્વજ્ઞના જ્ઞાનની દિવ્યતા છે. ભૂત-ભવિષ્યની અવિદ્યમાન પર્યાયો કેવળજ્ઞાનમાં વિદ્યમાન છે. આહાહા! એક સમયની કેવળજ્ઞાન પર્યાયની આવી વિસ્મયતા અને આશ્ચર્યતા છે. આખા દ્રવ્યના સામર્થ્યની વિસ્મયતા અને આશ્ચર્યતાનું કહેવું શું?

આહાહા! પર્યાયને ગુલાંટ મારવી એ કાંઈ ઓછી વાત છે? પર્યાય અનાદિની પરમાં જાય છે તેને ગુલાંટ મારીને અંદરમાં લઈ જવાની છે. અંદરમાં તળીયે લઈ જવામાં મહાન પુરુષાર્થ છે. પરિણામમાં અપરિણામી ભગવાનના દર્શન થાય એ પુરુષાર્થ અપૂર્વ છે. ૨૫.

❁ શ્રોતા : જ્ઞાની દ્રવ્યદૃષ્ટિના જોરથી રાગને પુદ્ગલનો માને પણ જિજ્ઞાસુ રાગને પુદ્ગલનો માને તે બરાબર છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : જિજ્ઞાસુ પણ વસ્તુસ્વરૂપના ચિંતવન આદિમાં માને કે રાગ તે આત્માનો નથી, રાગ તે ઉપાધિભાવ છે, પર આશ્રયે ઉત્પન્ન થતો હોવાથી મારો નથી, પુદ્ગલનો છે એમ માને.

શ્રોતા : રાગ તે પુદ્ગલ-પરિણામ...પુદ્ગલ-પરિણામ એમ કરીને રાગનો ડર રહે નહિ તો?

પૂજ્ય ગુરુદેવશ્રી : એમ હોય નહિ; રાગની રુચિ હોય નહિ, રાગની રુચિ છોડવા માટે રાગ તે પુદ્‌ગલ-પરિણામ છે તેમ જાણે. શાસ્ત્રમાં સ્વચ્છંદતા કરવા કોઈ વાત કરી નથી, વીતરાગતા કરવા કહ્યું છે. ૨૬.

❁ ખરેખર તો એક પોતે જ છે ને બીજી વસ્તુ છે જ નહિ. હું જ એક છું, મારે હિસાબે બીજી વસ્તુ જ નથી. કેવળી હો, સિદ્ધ હો, તે તેને હિસાબે ભલે હો, પણ મારા હિસાબે તે નથી–એમ સ્વભાવની અપેક્ષાએ રાગ પણ પોતાનો નથી. દેહ, ધન, સ્ત્રી, પુત્ર આદિ તો એના છે જ નહિ પણ રાગ પણ તેનો નથી. જ્ઞાનસ્વરૂપ એકલો હું જ છું—એમ જોર આવવું જોઈએ. ૨૭.

❁ અહો! આ આત્મા સર્વજ્ઞસ્વભાવી જ છે. જાણવું.....જાણવું....જાણવું....જ જેના અંતરતળમાં ભર્યું છે, જેના અસ્તિત્વની સત્તામાં આ દેહ–વાણી–મન–વિકલ્પો આદિ બધું જણાય છે એ જાણનારો તું છો તેમ જાણ–વિશ્વાસ કર ને કર્તાબુદ્ધિ છોડી દે!. ૨૮.

❁ વિકલ્પ સહિત પહેલાં પાકો નિર્ણય કરે કે રાગથી નહિ, નિમિત્તથી નહિ, ખંડખંડ જ્ઞાનથી નહિ, ગુણ-ગુણીના ભેદથી પણ આત્મા જણાતો નથી એમ પહેલાં નિર્ણયનો પાકો સ્થંભ તો નાખે! એટલે પર તરફનું વીર્ય તો ત્યાં જ અટકી જાય છે. ભલે સ્વસન્મુખ વળવું હજું બાકી છે.

વિકલ્પવાળા નિર્ણયમાં પણ હું વિકલ્પવાળો નહિ એમ તો પહેલાં દ્રઢ કરે! નિર્ણય પાકો થતાં રાગ લંગડો થઈ જાય છે, રાગનું જોર તૂટી જાય છે, વિકલ્પ સહિતના નિર્ણયમાં સ્થૂળ વિપરીતતા અને સ્થૂળ કર્તૃત્વ છૂટી જાય છે અને પછી અંદર સ્વાનુભવમાં જતાં નિર્ણય સમ્યક્‌રૂપે થાય છે. ૨૯.

❁ એક સમયની પર્યાય સત્‌ છે, સ્વતંત્ર છે, જે કાળે જે પર્યાય થવાની તે પર્યાય પોતાના ષટ્‌કારકની ક્રિયાથી સ્વતંત્ર થવાની, પણ એનો નિર્ણય કઈ રીતે થાય? એ નિર્ણયનું તાત્પર્ય શું? વીતરાગતા તાત્પર્ય છે. એ વીતરાગતા ક્યારે થાય?—કે એનું લક્ષ ને દ્રષ્ટિ પર્યાયના કર્તાપણાની બુદ્ધિથી, પર્યાયના ફેરફાર કરવાની બુદ્ધિથી ખસીને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ઉપર જાય ત્યારે નિઃસંદેહ નિર્ણય થતાં પરિણામમાં અંશે નિર્મળતા ને વીતરાગતા થાય એ સાચા નિર્ણયનું ફળ ને તાત્પર્ય છે. આહાહા! શું વીતરાગની વાણી! ચારેકોરથી એક સત્‌ જ ઊભું થાય છે. ૩૦. *(જુઓ અનુસંધાન પેજ નં. ૧૯)*

વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો

# આત્મવૈભવ

## પ્રભુત્વશક્તિ

(ગતાંકથી ચાલુ)

( अखंडितप्रतापस्वातंत्र्यशालित्वलक्षणा प्रभुत्वशक्तिः ।)

સમ્યગ્દર્શન થતાં આત્માના આવા નિજવૈભવની પ્રાપ્તિ થાય છે, પોતાની પ્રભુતા પોતામાં દેખાય છે. ભલે ગૃહસ્થપણામાં હોય, રાજપાટમાં હોય, સ્વર્ગમાં હો કે નરકમાં હો, મનુષ્ય હો કે તિર્યંચ હો,—પણ જે કોઈ જીવ અંતર્દૃષ્ટિ કરે તેને અંતરમાં પોતાની આવી પ્રભુતા દેખાય છે, એનો વચનાતીત આનંદ વેદાય છે. આત્માની શક્તિની અનંતતા—સંખ્યાથી પણ જેની હદ નથી ને સામર્થ્યથી પણ જેની હદ નથી—એને દૃષ્ટિમાં લેતાં અનંત ગુણમાં એકસાથે નિર્મળતાનો પ્રવાહ શરૂ થાય છે એટલે કે મોક્ષમાર્ગ શરૂ થાય છે. આવા સર્વગુણસમ્પન્ન ને સ્વતંત્રતાથી શોભતા ભગવાન આત્માની શ્રદ્ધા ને અનુભવ અંતરમાં ઊતરીને કરવો તે પ્રભુતા પ્રગટાવવાનો પંથ છે. આવી શ્રદ્ધા ને આવા અનુભવ વગર સ્વ-પરનું સાચું ભેદજ્ઞાન થાય નહિ ને સંસારભ્રમણ મટે નહિ.

આત્માના અનંતગુણોને પરસ્પર અનેરા–અનેરાપણું છે અર્થાત્ જ્ઞાન તે સુખ નહિ, સુખ તે જ્ઞાન નહિ, એમ ગુણોમાં એકબીજાથી પૃથક્પણું છે, પરંતુ તેમને પ્રદેશભિન્નતા નથી અર્થાત્ જ્ઞાનના પ્રદેશ જુદા, સુખના પ્રદેશ જુદા–એવો પ્રદેશભેદ નથી. બધા ગુણોનું ક્ષેત્ર એક જ (અસંખ્યપ્રદેશી) છે. ક્ષેત્ર એક ને ભાવ અનંત, સામર્થ્ય અનંત, કાળ અનંત પણ એક અખંડ દ્રવ્યમાં એ બધું સંકેલાઈ જાય છે. અખંડદ્રવ્યની સ્વાનુભૂતિમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદ પણ નથી. આવી અખંડ પ્રભુતાવાળા આત્માને જ્યાં શ્રદ્ધામાં લીધો ત્યાં તે જીવ સિદ્ધપદનો સાધક થયો. હવે પોતાની પ્રભુતાને સાધતાં સાધતાં પામરતાને સર્વથા તોડીને, અખંડ પ્રતાપવંતી પ્રભુતાથી સિદ્ધપદમાં તે શોભી ઊઠશે....ને આત્મપ્રભુતા પૂરેપૂરી ખીલી જશે.

આત્માનો સ્વભાવ કહો, ગુણ કહો, શક્તિ કહો કે વૈભવ કહો, તે આત્મવૈભવનું આ વર્ણન છે.–શા માટે? કે જીવ જો પોતાના આત્મવૈભવને જાણે તો તેને પોતાનો ખરો મહિમા સમજાય ને પરનો મહિમા છોડીને તે સ્વમાં એકાગ્ર થાય; સ્વમાં એકાગ્ર થતાં પોતાની શક્તિમાં ભરેલા જ્ઞાન–આનંદ–પ્રભુતા તેને પ્રગટ અનુભવમાં આવે એટલે સંસાર છૂટે ને મોક્ષ થાય.

ભગવાન આત્મા દેહથી ભિન્ન તત્ત્વ છે; પુણ્ય-પાપ, રાગ-દ્વેષ તેનું સ્વરૂપ નથી, તેમાં તેનો વૈભવ નથી ને તે તેનું ખરું કાર્ય નથી. અનંત ગુણસ્વભાવી આત્મામાં દૃષ્ટિ થતાં જે નિર્મળ પરિણમન થાય તે જ ખરું કાર્ય છે, તેમાં તેનો વૈભવ છે. મલિનતા તે આત્મા નહિ; દ્રવ્ય-ગુણ ને નિર્મળ પર્યાય એ ત્રણેનું એકરૂપ તે આત્મા છે.

પ્રભુત્વ શક્તિને લીધે આત્મા અખંડ સ્વતંત્રતાથી શોભે છે. જેમ રાજાની શોભા ત્યારે કહેવાય કે તેના માથે બીજો કોઈ ન હોય, જે કોઈને આધીન ન હોય તેને 'રાજા' કહેવાય. તેમ આત્માની પ્રભુતા ત્યારે કહેવાય કે તે કોઈને આધીન ન હોય. આત્માની પ્રભુતા અખંડ સ્વતંત્ર છે. સ્વતંત્રતા વગર શોભા કેવી? ને શોભા વગર પ્રભુતા કેવી? પરાધીનતામાં પ્રભુતા નહિ, શોભા નહિ. જોકે પર્યાયમાં પરલક્ષે આત્મા પોતે પરાધીન થાય છે, પણ તે તેનું સ્વરૂપ નથી, તેમાં તેની શોભા નથી, તેમાં પ્રભુતા નથી એટલે કે પરાધીનભાવને ખરેખર આત્મા કહેતા નથી.

શ્રોતા :—પ્રવચનસારમાં ઈશ્વરનયે આત્માને પરતંત્રતા ભોગવનાર કહ્યો છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ત્યાં સાધકની પર્યાયમાં તે પ્રકારનું અલ્પ પરિણમન છે તેથી પર્યાય અપેક્ષાએ તેને આત્માનો ધર્મ કહ્યો છે પણ તે વ્યવહારનયનો વિષય છે. શુદ્ધનયના વિષયરૂપ જે પરમાર્થ આત્મા છે તેમાં તે ન આવે અને વિકારમાં જે પરાધીનતા કહી તેનો પણ એવો અર્થ નથી કે પરદ્રવ્ય બળજોરીથી આત્માને વિકારરૂપે પરિણમાવે છે; પરંતુ તેનો અર્થ એવો છે કે વિકારરૂપ પરિણમન પરના આશ્રયે જ થાય છે માટે તેમાં પરાધીનતા છે, આત્માની શક્તિને આધીન તે કાર્ય થયેલું નથી તેથી અહીં શક્તિના વર્ણનમાં તેને આત્માનું કાર્ય નથી કહેતા. અહીં તો આત્માની પરમેશ્વરતા બતાવવી છે, આત્માનો વૈભવ બતાવવો છે. વસ્તુની શક્તિમાં વિકાર કે પરાધીનતા કેમ હોય? આ જગતમાં પોતાની સ્વાધીન સ્વરૂપથી જ દરેક વસ્તુ શોભે છે. ભાઈ, તારી પરમેશ્વરતા તારામાં ભરી છે; ઉદયભાવ–વિકારીભાવ–પરાધીનભાવ તેનો અભાવ

કરીને સ્વાધીનતાથી આત્માને શોભાવે એવી તારી પરમેશ્વરતાની તાકાત છે. આત્માના આવા નિજવૈભવને જાણીને સ્વઘરમાં પ્રવેશ કરતાં પ્રભુતા પ્રગટે છે, સ્વસમયપણું થાય છે ને આત્મા શોભે છે. વિકારમાં વસે તે પ્રભુત્વની પરિણતિ નથી, એ તો પરસમયપણું છે, તેમાં આત્મા શોભતો નથી. ભાઈ, સ્વઘરમાં અનંત શક્તિનો સમુદ્ર ઉલ્લસે છે, સ્વઘરમાં પ્રવેશતાં જ અનંતગુણની શાંતિનું તને વેદન થશે ને તારા ગુણો સ્વાધીન પરિણતિથી શોભી ઊઠશે.

અંતર્મુખ થઈને આત્માને સ્પર્શે એટલે કે અનુભવે ત્યારે સ્વઘરમાં આવ્યો કહેવાય ને ત્યારે સ્વઘરના વૈભવને તે ભોગવી શકે. સ્વઘરને જાણ્યા વગર ને તેમાં પ્રવેશ્યા વગર તેના વૈભવને ભોગવી શકાય નહિ. પરઘર સામે (વિકાર સામે) જોયા કરે તો સ્વઘરમા વૈભવને ક્યાંથી ભોગવે? પ્રભુ! તું સ્વાનુભવથી સ્વઘરમાં આવ ત્યારે તને તારો અપાર વૈભવ દેખાય ને ત્યારે તું પ્રભુના માર્ગમાં આવ્યો કહેવાય.

અહા, આત્માના બધા ગુણોમાં પરમેશ્વરતા છે; એક સમયમાં પૂર્ણશક્તિથી ભરેલા પોતાના પરમેશ્વરના ઘરમાં પ્રવેશીને પોતાની નિર્મળ પરિણતિને ભેટતાં ને નિર્મળ પરિણતિ નિજસ્વભાવને ભેટતાં (એ રીતે દ્રવ્ય–પર્યાયની એકતા થતાં) નિજવૈભવના અનુભવનું અપૂર્વ સુખ પ્રગટે છે ને અતીન્દ્રિય આનંદ ઉલ્લસે છે. આનંદની આ સાચી પરિણતિ છે, દુઃખ તે આનંદની સાચી પરિણતિ નથી.

આત્મામાં પોતામાં પણ જે વૈભવ ભર્યો છે તેની આ વાત છે. જેણે સ્વાનુભવથી આત્માના નિજવૈભવને જાણ્યો તેને અનંતગુણમાં વ્યાપેલા અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે, આત્માનો આખો પરિવાર આનંદિત થાય છે અર્થાત્ સર્વગુણોમાં આનંદ વ્યાપી જાય છે. જેમ સારા પુત્રનો જન્મ થતાં આખો પરિવાર રાજી થાય છે, તેમ આત્મામાં આનંદપર્યાયરૂપ ઉત્તમપુત્રનો અવતાર થતાં આખો આત્મપરિવાર (દ્રવ્ય-ગુણ-પર્યાય સૌ) આનંદિત થાય છે. આવી આત્માના આનંદગુણની પ્રભુતા છે ને તેના વડે આત્માની શોભા છે. જેમ કુલટા વડે કુળની શોભા નહિ તેમ વિકાર–પરિણતિ વડે આત્માની શોભા નથી, તે ચૈતન્યકુળની જાત નથી.

અહા, એકેક આત્મા પોતાની સ્વતંત્ર અનંતશક્તિથી પરિપૂર્ણ ને એકેક શક્તિ નિર્મળ પરિણમનથી ભરેલી,—આવા આત્મવૈભવનું વર્ણન ભગવાન અરિહંત સર્વજ્ઞપરમાત્માના પંથ સિવાય બીજે ક્યાંય નથી. સર્વજ્ઞદેવે આત્મામાં સાધેલો ને

સમવસરણમાં ઉપદેશેલો એવો જે મોક્ષપંથ તેમાંથી આવેલો આ પ્રવાહ છે.

'અરે શું કરીએ? અમને કર્મો નડે છે!'—અરર! તું મોટો પ્રભુ, અનંત સામર્થ્યવાન અને જડ કર્મો તને દબાવી જાય? ક્યાં તારી પરમેશ્વરતા! ને ક્યાં કર્મની અચેતનતા! અમે પરમેશ્વર થઈને તને કહીએ છીએ કે તારી અનંત શક્તિની પરમેશ્વરતા તારામાં ભરી છે, તેની સન્મુખ થા તો તારી પ્રભુતાને રોકનાર કોઈ આ જગતમાં નથી. પણ તું પોતે તારી પ્રભુતાનો વિશ્વાસ કરતો નથી ને પરતંત્રતા માનીને તું જ તારી પ્રભુતાને હણે છે. છતાં તે હણાયેલી દશા જેટલો જ આખા આત્માને માની લેવો તે અપરાધ છે અને તે દશા કર્મે હણી એમ માનવું તે ડબલ અપરાધ છે. તું પોતે અપરાધ કરીને કર્મના ગળે વળગ્યો છે. એમ ન કરે, પોતાના અપરાધ જેટલો જ આત્માને માને તોપણ આત્માના પરમ વૈભવને તે જાણતો નથી એટલે તે પણ અપરાધમાં જ પડેલો છે, નિરપરાધ સ્વભાવની આરાધના તેને પ્રગટી નથી. દોષ વગરનું નિરુપદ્રવ શિવધામ અસંખ્યપ્રદેશી આત્મા જેમાં અનંત ગુણના અતીન્દ્રિય સ્વાદવાળો શીરો પાકે, એની સન્મુખ થતાં પરમ આનંદ સહિત પોતાની પ્રભુતા દેખાય છે, શિવધામમાં બિરાજમાન પ્રભુનો સાક્ષાત્કાર થાય છે. એ પ્રભુમાં ક્યાંય પરાધીનતા નથી, પામરતા નથી, એ તો સદા સ્વાધીન સ્વતંત્ર પ્રભુતાથી શોભાયમાન છે.

આવી સ્વાધીન પ્રભુતાના નિજનિધાનને નહીં દેખનારો જીવ પર્યાયમાં પરાધીન થાય છે. પણ અહીં તો કહે છે કે પરાધીનતા ને વિકાર તે ખરેખર આત્મા જ નથી. જેમ દુરાચાર તે ખાનદાન કુળના ઘરની ચીજ ન કહેવાય, ખાનદાનના ઘરમાં તે શોભે નહિ, તેમ આ ભગવાન આત્મા તીર્થંકરોના મહાન વીતરાગી કુળનો વારસ, તેની વીતરાગી–ખાનદાનીમાં રાગાદિ દુર્ભાવો શોભે નહિ, એ એના ઘરની ચીજ ન કહેવાય. અનંતગુણમાં નિર્મળતા પ્રગટ કરે ને તેમાં કદી ભંગ ન પડવા દે એવી આત્માના કુળની ટેક છે. અરે જીવ! તું મૂંઝા મા, આવી તારી પ્રભુતાને દેખતાં જ તને પરમ પ્રસન્નતા થશે ને તારી બધી મૂંઝવણ મટી જશે....અંદર પ્રભુતાના પડઘા પડશે.

ભાઈ, તારી પ્રભુતા અત્યારેય તારામાં છે પણ તને તારા આત્માની ખબર નથી, જ્ઞાન નથી, અનુભવ નથી, અરે! એની ઝાંખી પણ નથી કરતો, એનો ઉત્સાહ નથી લાવતો, પછી અંતરમાં એના પડઘા ક્યાંથી વાગે? સ્વસન્મુખ થા તો આત્મા જવાબ આપે ને! બહારમાં ઝાંવા નાંખી–નાંખીને અનંતકાળથી હેરાન થઈ રહ્યો છે પણ હવે

તો આવા અવસરમાં તારા સ્વભાવને જો; તારા સ્વાધીન વૈભવની ઝાંખી તો કર, એના તરફનો ઉલ્લાસ તો કર. એના તરફના વલણથી તને કોઈ જુદો જ આનંદ અનુભવાશે. આવા આનંદની અનુભૂતિ થાય તેને જ અમે આત્માની પરિણતિ કહીએ છીએ. એ સિવાય રાગાદિ પરિણતિ તે ખરેખર આત્માની પરિણતિ નથી ને તેમાં આત્માનો વૈભવ કે શોભા નથી.

અહો, વારંવાર આત્માના આવા વૈભવનું શ્રવણ કરવા જેવું છે, અંતરમાં તેનો મહિમા લાવીને ઊંડું ઊંડું મંથન કરવા જેવું છે. ભાઈ, તારા ચૈતન્યમાં ભરેલા અપાર વૈભવને ખોલવાનો આ સુગમ રસ્તો સંતોએ દેખાડ્યો છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનો આવો સ્વાધીન વૈભવ દેખાડનારા દેવ-ગુરુ-શાસ્ત્રો પ્રત્યે ધર્મીને ભક્તિ-પૂજનના શુભભાવ આવે છે ને ઘણા જ વિનયપૂર્વક તેમનું બહુમાન કરે છે પણ એ શુભરાગને આત્માના વૈભવની શોભા શુભ વિકલ્પની નથી પણ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અખંડ પ્રતાપવાળી જે સ્વાધીનતા પ્રગટી તેનાથી તારા આત્માની શોભા છે.

ભગવાન આત્માની કોઈ શક્તિ–કોઈ ગુણ રાગના વિકલ્પને ઉત્પન્ન કરે એવો એનો સ્વભાવ નથી; માટે રાગની ક્રિયા તે ખરેખર આત્માની ક્રિયા નથી પણ અનાત્માની ક્રિયા છે. આત્માનો નિજવૈભવ તે રાગાદિમાં નથી, આત્માનો વૈભવ તો રાગ વગરનો અનંતગુણની નિર્મળતાથી ભરપૂર છે.

અરે, એકવાર શ્રદ્ધાના બળે તારી શક્તિનો ટંકાર તો કર! તારી શક્તિના ધનુષટંકાર સામે કોઈ પરભાવ ટકી શકે નહિ. જેમ સિંહની ત્રાડ પડે ત્યાં સસલાં ભાગે, તેમ આ ચૈતન્યસિંહ સ્વાનુભવથી જાગે ત્યાં પરભાવ ભાગે. આ ભગવાન આત્માના પ્રતાપને કોણ ઝીલી શકે? કોણ જાણી શકે? કોણ લક્ષમાં લઈ શકે? વિકારમાં એવી તાકાત નથી કે આ ભગવાન આત્માના પ્રતાપને ઝીલી શકે કે જાણી શકે. સ્વસન્મુખ થયેલ વીતરાગી પર્યાયમાં જ એ તાકાત છે કે ચૈતન્યપ્રભુના પ્રતાપને ઝીલી શકે, એ જ એને જાણી શકે ને એ જ એને વેદી શકે. જેમ ચક્રવર્તીના તેજને સામાન્ય માણસ ઝીલી ન શકે અથવા ઝગમગતા સૂર્યના તેજને કાચી આંખવાળો ઝીલી ન શકે, તેમ ચૈતન્યના અતીન્દ્રિય તેજને ઝીલવાની તાકાત રાગમાં નથી, તેના અતીન્દ્રિય જ્ઞાન–આનંદના પ્રકાશનો એક અંશ પણ સમ્યગ્દૃષ્ટિ જ ઝીલી શકે, અજ્ઞાનીથી તે ઝીલી શકાય નહિ. રાગાદિ પરભાવની પાછળ કાંઈ ત્રિકાળી શક્તિનું જોર નથી, એ તો અદ્ધરથી

ઉત્પન્ન થયેલા છે એટલે તેનામાં ત્રિકાળી ચૈતન્યના પ્રતાપને ઝીલવાની તાકાત નથી; જ્યારે નિર્મળતા પાછળ તો ત્રિકાળી શક્તિનું જોર છે એટલે ત્રિકાળી ચૈતન્યપ્રતાપ સાથે એકતા કરીને તેને તે ઝીલી શકે છે-પ્રતીતમાં-જ્ઞાનમાં ને અનુભવમાં લઈ શકે છે.

અહો, સંતોએ ચૈતન્યની પ્રભુતાના અચિંત્ય ગાણા ગાયા છે; આત્મામાં આવા ભાવો ભર્યાં છે તે અનુભવમાં લઈને તેનાં આ ગાણાં ગાયા છે; આત્માની પ્રભુતાને પ્રસિદ્ધ કરીને જગતને બતાવી છે. આત્માની શક્તિમાં જે પ્રભુતા છે તેમાં રાગાદિ અશુદ્ધતાનો અભાવ છે એટલે સ્વભાવનો સદ્ભાવ ને અશુદ્ધતાનો અભાવ (નિશ્ચયનો આશ્રય ને વ્યવહારનો નિષેધ)—આવો અનેકાન્ત છે; ને આ અનેકાન્તનું ફળ અમૃત છે, તેનાથી અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે.

અરે ભાઈ! તું પ્રભુ છો, તારી પ્રભુતા પરાધીન નથી; એને બદલે તું સિદ્ધપ્રભુનેય પરતંત્ર (નિમિત્તાધીન) ઠરાવ એ તો તારી કુદૃષ્ટિનો મોટો દોષ છે. સિદ્ધ તો આ આત્માના આદર્શ છે; એ સિદ્ધમાંય જેને પરતંત્રતા દેખાય તેને પોતાના આત્માની સ્વતંત્રતા તો ક્યાંથી દેખાશે? ને સ્વતંત્રતાને દેખ્યા વગર એ સ્વતંત્ર ક્યાંથી થશે?

અહીં તો આચાર્ય ભગવાને સ્વતંત્ર પ્રભુતાના ઢંઢેરા પીટ્યા છે; અમૃતચંદ્રદેવે આ પંચમકાળમાં અમૃત રેડ્યા છે. ૯૦૦ વર્ષ પહેલાં એ અમૃતચંદ્ર-મુનિરાજ ચારિત્રની મસ્તીમાં ઝૂલતા-ઝૂલતા વનમાંથી આહાર માટે નગરી તરફ ચાલ્યા આવતા હોય ત્યારે એમનો દેખાવ કેવો હશે! અહા! એ તો જાણે નાનકડા સિદ્ધપ્રભુજી ચાલ્ય આવતા હોય! અને જ્યારે અનંતના અનુભવમાં કલમ બોળી-બોળીને તેઓ કુંદકુંદપ્રભુની ગાથાના ગહનભાવોને ટીકામાં ખોલતા હશે, ત્યારે તો જાણે ગણધરદેવ દિવ્યધ્વનિને ગૂંથવા બેઠા! અહા, એમની અનુભવદશાની શી વાત! ચૈતન્યના અચિંતય વૈભવને ખોલતાં-ખોલતાં, કેવળજ્ઞાન સાધતાં-સાધતાં તેમણે આ શક્તિઓનું વર્ણન કર્યું છે ને તેના દ્વારા જગતનો અચિંત્ય આત્મવૈભવ જગતને દેખાડ્યો છે. અહા! એમની શક્તિની ને એમના ઉપકારની શી વાત! એ તો વીતરાગી પરમેષ્ઠીપદમાં ઝૂલનારા ને પ્રભુતાને અનુભવનારા સંત હતા, જૈનધર્મના થંભ હતા.

આ ચૈતન્ય-પરમેશ્વરનો પ્રતાપ કોઈ જુદી જાતનો છે; અજ્ઞાનીને તે દૃષ્ટિમાં આવતો નથી. પ્રભુતાના ભાવે વ્યક્ત પરિણમેલો આત્મા, તેની પરિણતિમાં રાગાદિ અશુદ્ધતારૂપ વ્યવહારનો અભાવ છે; માટે કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયમાં લીન છે

ને વ્યવહારમાંથી વિમુક્ત છે. નિશ્ચયસ્વભાવમાં લીન મુનિવરો મુક્તિને પામે છે ને વ્યવહારમાં જે લીન છે તેને આત્માના સ્વાશ્રિત વૈભવની ખબર નથી, પરમાર્થ આત્માની ખબર નથી એવા જીવોને આત્માનો પરમાર્થ સ્વભાવ ઓળખાવવા અને પરાશ્રયે થતાં રાગભાવોનું અવલંબન છોડાવવા માટે શ્રી જિનવાણીએ વ્યવહારને અભૂતાર્થ કહીને તેનું અવલંબન છોડાવ્યું છે ને પરમાર્થ સ્વભાવનો અનુભવ કરાવ્યો છે.

વાહ! કેવી સરસ વાત!! અરે વીરા! વીર થઈને તારા સ્વાશ્રિત સ્વભાવનું અવલંબન લે....તારી પ્રભુતાને સંભાળ. જેમ 'સબરસ' વગરની રસોઈ નીરસ લાગે તેમ ચૈતન્યરસના અનુભવ વગરનું બધુંય નીરસ છે, આનંદ વગરનું છે, એમાં આત્માનો કાંઈ જ સ્વાદ નથી, માટે તારે તારા આત્માને રસમય અતીન્દ્રિય સ્વાદવાળો બનાવવો હોય તો સ્વસન્મુખ થઈને સ્વાનુભવના આનંદરસને ચાખ. વીર થઈને મહાવીરના આ પરમાર્થ માર્ગને તું સાધ. આત્મા એવો વીર છે કે વિકારના અંશને પણ પ્રભુતામાં આવવા ન દ્યે ને વિકારથી ભિન્ન પોતાના આત્માના આનંદરસને અનુભવે. એ રીતે સ્વાધીનપણે પોતાના અખંડ પ્રતાપને આનંદ સહિત અનુભવતો–અનુભવતો, સિદ્ધપદને સાધતો–સાધતો, પોતાની પ્રભુતા પ્રગટ કરીને શોભી ઊઠે છે.

જય હો આત્મપ્રભુતાનો !

પ્રભુત્વશક્તિનું વર્ણન પૂર્ણ. *(ક્રમશઃ)*

---

(પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર.... અનુસંધાન પેજ ૧૨ થી ચાલુ)

❁ ભગવાન કહે છે કે અરે પ્રભુ! તારા આત્માની જાત અને અમારા આત્માની જાતમાં કાંઈ ફેર નથી. તેં તારું સ્વરૂપ પ્રગટ કર્યું નથી એટલો જ ફેર છે. માટે પરમાત્મા જેવા જ તારા આત્માની નિર્ભ્રાંત-ભ્રાંતિ રહિત નિઃશંકપણે ભાવના કર! જાણવું.... જાણવું...જાણવું....આ જાણવાની જ્ઞાનશક્તિની બેહદતા, અચિંત્યતા, અમાપતા છે તે હું જ છું, જ્ઞાનની સાથે રહેલો આનંદ એ પણ હું જ છું, અતીન્દ્રિય, બેહદ અને પૂર્ણ આનંદ મારું જ સ્વરૂપ છે. આવા જ્ઞાન-આનંદ સ્વરૂપ આત્માની દૃષ્ટિ કરતાં– સત્યસ્વરૂપનો સ્વીકાર કરતાં પર્યાયમાં જે સત્યદશા પ્રગટ થાય છે તે જ ખરેખર આત્માનો નિજધર્મ છે. ૩૧.

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

✽ શ્રોતા :—કષાયની મંદતા થાય ત્યાં શાંતિ વેદાઈ જાય છે તથા પાંચ ઈન્દ્રિયના વિષયમાં સુખ-શાંતિ દેખાય છે. આત્મામાં સુખ છે તે લાગતું નથી. તો આગળ કેવી રીતે જવાય?

પૂજ્ય બહેનશ્રી :—સુખ બહારમાં ક્યાંય નથી પણ એક આત્મામાં છે; એટલી પોતાને અંદરમાં દ્રઢતા અને પ્રતીતિ આવે તો પરિણતિ પોતા તરફ વળે. જ્ઞાયકની મહિમા આવે અને આત્મામાં જ સુખ છે, બીજે ક્યાંય સુખ નથી; એટલું અંદરથી પ્રતીતિનું બળ આવે તો જ પુરુષાર્થ પોતા તરફ વળે છે. અનાદિનો તેને અભ્યાસ છે, તેથી બહારમાં શાંતિ લાગે છે અને ક્યાંક ક્યાંક રોકાઈ જાય છે. કાંઈ ન હોય-વિકલ્પ પણ ન હોય-ને એકલું ચૈતન્યનું અસ્તિત્વ હોય, તે મારે જોઈએ છે, તેમાં જ બધું ભરેલું છે.-તેવી પ્રતીતિનું બળ અંતરમાંથી આવે તો તે આગળ જાય છે.

✽ શ્રોતા :—બાહ્ય પ્રવૃત્તિમાં અશુભમાંથી શુભમાં જાય ત્યાં એવો રોકાઈ જાય છે કે આત્માને ગ્રહણ કરવાનું બાજુમાં રહી જાય છે. તે કદાચ પુરુષાર્થ કરે તો બે-ચાર દિવસ ચાલે, પછી છૂટી જાય છે. તો શું કરવું?

પૂજ્ય બહેનશ્રી :—અનાદિનો વિભાવનો પ્રવાહ ચાલે છે એટલે પોતાની તરફ પરિણતિનો પલટો કરવો તે બહુ મુશ્કેલ પડે છે ને મંદ કષાયમાં એમ ને એમ ચાલ્યો જાય છે. પરિણતિનો પલટો કરવા માટે તીખો પુરુષાર્થ કરે તો થાય. બાકી જેને થાય તેને અંતર્મુહૂર્તમાં થાય, પણ મોટે ભાગે પ્રયત્ન કરી કરીને થાય. વારંવાર પુરુષાર્થ કર્યા કરે, તેને છોડે નહિ, થાક લાગે નહિ, તો તેમાં કોઈ વાર તીખો પુરુષાર્થ થવાનો પ્રસંગ બનતાં પ્રાપ્તિ થાય.

✽ શ્રોતા :—બેનશ્રી! અમે નિર્વિકલ્પ થઈને ધ્યાન ધરીએ તો કોનું ધ્યાન કરવાનું?

પૂજ્ય બહેનશ્રી :—નિર્વિકલ્પ સ્વરૂપ જ આત્મા છે. તેની પ્રતીતિ પહેલાં કરવી અને હું વિકલ્પથી જુદો છું એવું ભેદજ્ઞાન કરે તો નિર્વિકલ્પ થવાય. હું જ્ઞાયક છું એમ પોતે પોતાને ઓળખે તો નિર્વિકલ્પ થવાય. પહેલાં સાચું જ્ઞાન કરે પછી સાચું ધ્યાન થાય. મારા દ્રવ્ય-ગુણ-પર્યાય ને બીજાના દ્રવ્ય-ગુણ-પર્યાય જુદાં છે-એમ પોતાને ઓળખે; સાચી પ્રતીતિ-જ્ઞાન કરે તો નિર્વિકલ્પ થવાય.




**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ પ્રેરિત**
**શ્રી કુંદકુંદ–કહાન પરિવાર યુવકમંડળ આયોજિત**

# વચનામૃત વર્ષ




**સૌજન્ય : શ્રીમતી લાભુબેન ચીમનલાલ મોદી પરિવાર હ. હિનાબેન-વિજયભાઈ તથા પારસ**

## પ્રશ્નપત્ર ક્રમાંક—૧૦ (કુલ માર્કસ-૫૦)

(અભ્યાસક્રમ : (૧) ગુરુદેવશ્રીના વચનામૃત ક્રમાંક ૨૩૩ થી ૨૬૦,
(૨) બહેનશ્રીના વચનામૃત ક્રમાંક ૩૪૩ થી ૩૮૬

પરીક્ષાર્થીનું નામ : ........................................ ગામનું નામ : ......................

મંડળનું નામ : ............................................... ઉંમર : ......................

ફોન નં.: ..................................................... તા. -૧૧-૨૦૧૧

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
**(૨) પ્રશ્નોના ઉત્તર વચનામૃતના આધારે આપવા જરૂરી છે.**

**પ્રશ્ન : ૧ (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર ૧૫ થી ૨૦ લીટીમાં મૌલિક નિબંધ તમારા શબ્દોમાં લખો.** (ગુરુદેવશ્રીનાં વચનામૃત) (૯)

(૧) આ ભવ છોડીને પરલોકમાં જવા માટે કેવું ભાતું લઈ જવું. વિગતે ચર્ચો. (બોલ નં. ૨૩૭)

(૨) "ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા આખો નિરોગી છે" કઈ રીતે ? સમજાવો. (બોલ નં. ૨૪૬)

(૩) "કોઈના આશીર્વાદથી કોઈનું ભલું થતું નથી" તો ભગવાનની ભક્તિ કરતાં કેવા ભાવ કરવા? વિગતે ચર્ચો. (બોલ નં. ૨૫૪)

**(બ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર ૧૫ થી ૨૦ લીટીમાં મૌલિક નિબંધ તમારા શબ્દોમાં લખો.** (બહેનશ્રીનાં વચનામૃત) **(૯)**

(૧) "જીવોને જ્ઞાન ને ક્રિયાના સ્વરૂપની ખબર નથી." તેથી તેઓ શું માને છે? તે માન્યતા કઈ રીતે મટે? (બોલ નં. ૩૫૦)

(૨) પરમપારિણામિકભાવનો જ આશ્રય કરવાનું શા માટે કહ્યું છે? તેના આશ્રયથી શું થાય? (બોલ નં. ૩૫૩)

(૩) "સાધકની દશા એકસાથે ત્રણ વિશેષતાવાળી છે" સમજાવો. (બોલ નં. ૩૭૮)

**પ્રશ્ન : ૨ (અ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર વચનામૃતના આધારે તમારા મૌલિક શબ્દોમાં લખો. (પાંચથી દસ લીટી)** (ગુરુદેવશ્રીનાં વચનામૃત) **(૩)**

(૧) "જેને જેની રુચિ હોય તે તેની વારંવાર ભાવના ભાવે છે." તેનાથી શું થાય છે? (બોલ નં. ૨૩૬)

(૨) કોને સૂર્ય ઊગવા છતાં અંધકાર છે? અને આંખ હોવા છતાં કોણ આંધળો છે? (બોલ નં. ૨૪૨)

(૩) સૌથી મોટું પાપ કયું છે? તે કઈ રીતે મટે ? (બોલ નં. ૨૪૪)

**(બ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર વચનામૃતના આધારે તમારા મૌલિક શબ્દોમાં લખો. (પાંચથી દસ લીટી)** (બહેનશ્રીનાં વચનામૃત) **(૩)**

(૧) ચક્રવર્તી, બળદેવ અને તીર્થંકર જેવા પુણ્યશાળી પુરુષો શા માટે જિનદીક્ષા લઈ વનમાં ગયા? સ્પષ્ટ કરો. (બોલ નં. ૩૪૯)

(૨) પૂજ્ય ગુરુદેવશ્રીએ યુક્તિન્યાયથી શું સ્પષ્ટ કર્યું છે? તેમનો મહિમા શું છે? (બોલ નં. ૩૫૪)

(૩) “અનંત ગુણનિધાનને રહેવા માટે અનંત ક્ષેત્રની જરૂર નથી.” સ્પષ્ટ સમજાવો. (બોલ નં. ૩૮૪)

**પ્રશ્ન : ૩ (અ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (૬)**

(૧) “શુદ્ધ પરિણામ તે આત્માનો ધર્મ છે.” તેમાં શું આવી જાય છે? શું આવતું નથી?

(૨) જેને નિજ શુદ્ધાત્મદ્રવ્યનો સ્વીકાર થયો છે તેને હવે કેવી શંકા થતી નથી? શા માટે?

(૩) આત્માની વાત પૂર્વે અનંતવાર સાંભળી છતાં શ્રવણનું ફળ કેમ ન મળ્યું?

(૪) નરકાદિના દુઃખોનું વર્ણન શા માટે કરવામાં આવે છે? શા માટે નહીં?

(૫) નીતિ શાના સમાન છે? અને ધર્મ શાના સમાન છે? કોના વિના કોણ શોભતું નથી?

(૬) ભરત ચક્રવર્તી આદિને શાનું ભાન હતું ? છતાં લડાઈ વગેરેના ભાવો કેમ આવતા હતા?

**(બ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (૬)**

(૧) અનંત જીવો શું કરી સિદ્ધ થયા? માટે સિદ્ધમંડળીમાં ભળવું હોય તો શું કરવું?

(૨) પૂજ્ય ગુરુદેવશ્રીએ સેંકડો વર્ષોમાં ન થયું હોય તેવું શું કર્યું છે?

(૩) મહામુનિઓ દ્રવ્યે પોતાને ભગવાન માનતા હોવા છતાં પર્યાયે પોતાને કેવા માને છે?

(૪) જેમ અજ્ઞાનીને ‘શરીર તે જ હું’ એમ સહજ રહ્યા કરે છે.
તેમ જ્ઞાનીને સહજ શું વર્ત્યા કરે છે?

(૫) જિનેન્દ્ર ભગવાનની વાણી દ્વારા ઘણા જીવો માર્ગ પામે છે શા માટે?

(૬) શું માર્ગ દેખાડતું નથી? શું માર્ગ દેખાડે છે? શા માટે?

**પ્રશ્ન : ૪ (અ) નીચેના દરેક પ્રશ્નના માત્ર એક વાક્યમાં ઉત્તર આપો. (૬)**

૧. કેવો અને કોનો હરખ લાવવાથી સિદ્ધપદની પ્રાપ્તિ થશે?

૨. આત્મપિપાસુને પર્યાયે-પર્યાયે આત્મામાંથી શું મળે છે?

૩. ધર્માત્માઓ પ્રત્યે દાન તેમજ બહુમાનનો ભાવ આવે તેનાથી શું ઘુંટાય છે?

૪. મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકમાં શું છે?

૫. પુરુષાર્થ ક્યારે સહજ લાગે ? અને ક્યારે કઠણ લાગે?

૬. શું ઉત્તરોત્તર દુર્લભ છે?

**(બ) દરેક પ્રશ્નના ઉત્તર માત્ર એક શબ્દમાં આપો. (૪)**

(૧) શાની વાત સાંભળતાં મિથ્યાત્વના હાંજા ગગડી જાય છે?

(૨) નિજાત્માનો મહિમા આવતાં કોનો મહિમા આવી જાય છે?

(૩) જિજ્ઞાસુને પ્રથમ ભૂમિકામાં શું હોય છે ?

(૪) જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઉધઈ લાગતી નથી
તેમ જ્ઞાયકસ્વભાવમાં શું આવતું નથી?

**(ક) ખાલી જગ્યા પૂરો. (૪)**

(૧) જ્ઞાનીને ..................... જણાય છે ને .................. પણ છે.

(૨) જ્ઞાનગુણને પ્રધાન કરીને આત્માને.............. કહેવાય છે. જ્ઞાનગુણ પોતે ............. છે.

(૩) ..................... તે જ સાધકનું લક્ષણ ગણાય છે.

(૪) ..................... આશ્ચર્યકારી નિજ ઋદ્ધિથી ભરેલા ચૈતન્ય મહેલમાં નિવાસ કરે છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી ૮-૨૦ | : | જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પ્રવચનસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

### ❀ વિશેષ ધાર્મિક કાર્યક્રમ ❀

આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક વિશેષ ધાર્મિક કાર્યક્રમ કારતક વદ ૩ તા. ૧૩-૧૧-૨૦૧૧, રવિવારથી કારતક વદ ૭ તા. ૧૭-૧૧-૨૦૧૧, ગુરુવાર સુધી રાખવામાં આવ્યો છે. આ 'ગુરુ-ઉપકારસ્મૃતિ'નો કાર્યક્રમ શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, તેમજ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના ગુરુ-ભક્તિભીના માર્ગદર્શન અનુસાર વીતરાગ દેવ-ગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઊજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :

અમદાવાદનિવાસી ઝવેરીબેન રતીલાલ દેસાઈ (વર્ષ-૯૩) તા. ૨૮-૬-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

નાઈરોબીનિવાસી શ્રી જયંતીલાલ કાળીદાસ વીરપાર શાહ (વર્ષ-૮૧) તા. ૨૪-૭-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ નિયમિત ગુરુદેવશ્રીના સીડી પ્રવચન-શ્રવણનો, પૂજા, ભક્તિ આદિ મંદિરના કાર્યક્રમોનો લાભ લેતા હતા. પૂજ્ય ગુરુદેવશ્રી નાઈરોબી પધારેલા તે વખતે તેઓએ ઘણી જ સેવા આપી હતી. સાધર્મી પ્રત્યે ઘણા જ ભાવનાશીલ ને સેવાભાવી હતા.

સાવરકુંડલાનિવાસી (હાલ રાજકોટ) સ્વ. તુષાર કિરીટભાઈ મહેતાની સુપુત્રી દૃષ્ટિ (વર્ષ-૧૯)નો કોલેજ જતાં રસ્તામાં અકસ્માત થતાં તુરંત સ્વર્ગવાસ થયેલ છે.

મુનાઈનિવાસી (હાલ કોચિન) શ્રી નરેશભાઈ મગનલાલ દોશી (વર્ષ-૫૨) તા. ૨૭-૧૦-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લીંબડીનિવાસી (હાલ સિકન્દરાબાદ) શ્રી નિર્મળાબેન મનસુખભાઈ કોઠારી (વર્ષ-૮૯) તા. ૨૭-૧૦-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

નમઃ શ્રીસીમંધરદેવાય નમઃ શ્રીકહાનગુરુદેવાય વન્દે ભગવતીમાતરમ્

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત

*શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત*

# અગિયારમી બાલસંસ્કાર અધ્યાત્મ જ્ઞાન શિબિર

(તા. ૨૬-૧૨-૨૦૧૧ થી તા. ૩૧-૧૨-૨૦૧૧)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઊંડા તત્ત્વ સંસ્કારનું સિંચન આપણી ભવિષ્યની પેઢીમાં પણ થાય એ અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખી શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા પાછલા દસ વર્ષોથી બાળસંસ્કાર શિબિરોનું આયોજન કરાઈ રહ્યું છે. આ જ શ્રેણિમાં આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૬-૧૨-૧૧ થી તા. ૩૧-૧૨-૧૧ સુધી અગિયારમી બાળ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરનું આયોજન શ્રીમતી ચંચળબેન પ્રેમચંદભાઈ ભાયાણી પરિવાર હસ્તે શ્રીમતી વાસંતીબેન ગુણવંતરાય ભાયાણી-(દાદર-મુંબઈ )ના સૌજન્યથી કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે સાથે પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો, પૂ. ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનોનો પણ લાભ મળશે.

આ શિબિર સમયે બાળકો ઉપરાંત વડીલો માટે પણ શિક્ષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર દરમ્યાન શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર (પાલિતાણા) યાત્રાનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

આ શિબિરમાં શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ), શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) તથા શ્રી રમેશભાઈ મહેતા (સલાલ), શ્રી નિતીનભાઈ શેઠ (વાંકાનેર) શ્રી અતુલભાઈ કામદાર (હૈદરાબાદ) તથા અન્ય અધ્યાપકો દ્વારા અધ્યાપન કરાવવામાં આવશે.

આ શિબિર ૧૦ થી ૧૮ વર્ષના બાળકો માટે રાખવામાં આવી છે.

લિ.

**શ્રી કહાન પુષ્પ પરિવાર વતી**

શ્રી હસમુખભાઈ વોરા શ્રી જિતુભાઈ શાહ

ના જય જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❁ ધૂળને જોવી હવે રહેવા દ્યો! જોનારને જુઓ! જોનારને જોવો એ વસ્તુસ્વરૂપ છે માટે જોનારને જોવો. ૫૮૭.

❁ અરે! દૃષ્ટિના પંથને નિર્મળ ન કરે અને આવો આત્મા ન તારવે ત્યાં સુધી એનું કલ્યાણ થાય તેમ નથી. ૫૮૮.

❁ પહેલું સ્વજ્ઞાન ચૈતન્યમૂર્તિને જ્ઞેય કરીને કરો, બીજું બધું જ્ઞાન તેમાં આવી જાય છે. ૫૮૯.

❁ ....આ તો કેવળી પાસેથી આવેલા સંસ્કારો છે. અમે તો પૂર્વભવના જૂના દિગંબર છીએ. ૫૯૦.

❁ સૂર્યનો પ્રકાશ ને અંધારું એ બે વસ્તુ તદ્દન જુદા છે તેમ સહજાત્મસ્વરૂપ એકલો જ્ઞાનસ્વભાવ છે, સૂર્ય સમાન છે ને દયા-દાન આદિ વિકલ્પો તે અંધકાર સમાન છે, તેને જ્ઞાનસૂર્યથી તદ્દન જુદાઈ છે. સહજાત્મસ્વરૂપ એટલે જે સ્વાભાવિક છે, અણકરાયેલ છે, અકૃત્રિમ છે એવા સ્વભાવને અને રાગને એકતા ત્રણકાળમાં નથી. શું થાય! કેવળીઓના વિરહ પડ્યા, અવધિજ્ઞાની પણ કોઈ રહ્યા નહિ, જગતને ચમત્કાર લાગે તેવું કાંઈ રહ્યું નહિ. સત્યને સ્વીકારવું જગતને કઠણ પડે છે, આવું પરમ સત્ય સ્વીકારનાર પણ મહાભાગ્યશાળી છે. ૫૯૧.

❁ ચોમાસામાં આ લીલફૂગના ગોદડાં (–થર) દેખીએ છીએ ત્યાં એમ થાય છે કે અરે! આ લીલફૂગની એક ઝીણી કટકીમાં અસંખ્ય શરીરો છે અને એક શરીરમાં અનંતા જીવો છે, એના અનંતમાં ભાગે જીવ બહાર નીકળી મોક્ષ જાય છે. બે ઈન્દ્રિય, ત્રે ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય અને પંચેન્દ્રિય મનુષ્ય, ઢોર, નારકી ને દેવ એ ચાર ગતિના જીવો તો માત્ર અસંખ્યાતા જ છે. તેના કરતાં અનંતા જીવો નિગોદની એક કટકીમાં છે. અરેરે! એ જીવો ક્યારે નિગોદમાંથી બહાર નીકળે? અને કયારે મનુષ્ય થાય? અને કયારે આ સત્‌નું શ્રવણ કરે! ભાઈ! આ મનુષ્યભવ ને દુર્લભ સત્‌સમાગમ મળ્યો છે તો તારા આત્માને ચારગતિના દુઃખથી છોડાવી લે. ૫૯૨.

✻

આત્મધર્મ
નવેમ્બર-૨૦૧૧
અંક-૩ ✱ વર્ષ-૬

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂ. ૯/- આજીવન લવાજમ રૂ. ૧૦૧/-

## ❀ આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી. ❀

જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીશે કલાક એનું એ ચિંતન, ઘોલન ને ખટક રહ્યાં જ કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડ્યો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંદરમાં ઊતરી જાય છે, એને પ્રતિકૂળતા નડતી જ નથી ને! અને સ્વર્ગની અનુકૂળતામાં પડ્યો હોય તો પણ અનુકૂળતાનું લક્ષ છોડી અંદરમાં ઊતરી જાય છે અને અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે! મારે આમ છે ને તેમ છે—તેમ કરી કરીને અનંત કાળ ગુમાવ્યો! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઊતરી જા ને ભાઈ! આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી.

—પુરુષાર્થપ્રેરણાર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org